# રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર ના નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે વહીવટી ખર્ચનું અંદાજપત્ર નિયત કરવા બાબત નુ ટુંકુ વિવરણ

## પરિચય

૧. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા, ઇલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ના સેક્શન ૩૧ મુજબ બહાર પાડેલા જાહેરનામા નં જીએચયુ-૩૧-જીઇબી-૧૧૦૪-૨૯૪૬-કે મુજબ, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કાર્યરત છે. સદર જાહેરનામા અનુસંધાને એસએલડીસી નુ સંચાલન જેટકો દ્વારા કારવામા આવે છે.

૨. ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા ઇલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ના સેક્શન ૬૧ અને ૬૪ મુજબ, "રાજ્ય વીજભાર રવાન્ગી કેન્દ્ર નો વાર્ષિક ફી અને ચાર્જ નિયત કરવા બાબત અને વીજ દર નિયમન અંગેનુ રેગ્યુલેશન બહાર પાડેલ છે. જે મુજબ એન્યુઅલ રેવન્યુ રીક્વાયરમેન્ટ તથા એસએલડીસી ફી અને ચાર્જ ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા મંજુર કરવાનુ હોય છે.

૩. વર્ષ ૨૦૦૮-૦૯ સુધી એસએલડીસી નો ફી અને ચાર્જ જેટકો ના વીજ પ્રહવન દર માં અવિભાજ્ય ઘટકરુપે સામેલ કરવામા આવેલ જે તાઃ ૧૭-૦૧-૨૦૦૯ મુજબ, વિજ નિયમન પંચ ના હુકમ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ થી અલગ કરવા નિર્દેશ આપવામા આવેલ છે.

૪. સદરહુ નિર્દેશ અનુસંધાને, રાજ્ય વીજભાર રવાન્ગી કેન્દ્ર દ્વારા, ક્રમાંકઃ ૯૯૧/૨૦૧૦ - મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે એન્યુઅલ રેવન્યુ રીક્વાયરમેન્ટ તથા રાજ્ય વીજભાર રવાન્ગી કેન્દ્ર ની ફી અને ચાર્જ નિયત કરવા બાબત અરજી કરેલ છે. જેમા વર્ષ નુ કેપીટલ ખર્ચ અંગેની યોજના પણ આવરી લેવામા આવેલ છે.

## એસએલડીસી ફી અને ચાર્જ નિયત કરવાની દરખાસ્ત ના મહ્ત્વના મુદ્દાઓ

ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર હિસાબીય ખાતાંવહી અલગ કરેલ અને વર્ષ ૨૦૦૯-૧૦ નો અંદાજીત વાર્ષિક હીસાબ તૈયાર કરવામાં આવેલ છે. જેના આધારે નાણાકીય વર્ષૅ ૨૦૧૦-૧૧ નો અંદાજીત ખર્ચ આકરણી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧ ના અંદાજીત ખર્ચ આકરવા માટે મુખ્ય નાણાકીય ઘટકો નુ વિવરણ નીચે મુજબ છે.

૧. એમ્પ્લોયી કોસ્ટ, રીપેરીન્ગ અને નિભાવ ખર્ચ તેમજ એડમીનીસ્ટ્રેશન અને જનરલ ખર્ચ માં ૮%, ૧૦% અને ૮% નો વધારો કરવામાં આવેલ છે.

૨. ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા નિર્ધારિત કર્યા મુજબ મુડી પરનું વળતર (રીટર્ન ઓન ઇકવિટી) ૧૪% ગણવા માં આવેલ છે.

૩. નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે નો ઘસારા નો ખર્ચ કમ્પની એક્ટ ની જોગવાઇ હેઠળ અંદાજવામાં આવેલ છે.

૪. ઘસારા સામેનું એડવાન્સ નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે લેવામાં આવશે નહી.

૫. કાર્યાકારી મૂડી પરનુ વ્યાજ (ઇન્ટરેસ્ટ એન્ડ વર્કીંગં કેપીટલ) નો દર ૧૦.૨૫% લેવાં અંદાજેલ છે.

૬. ભવિષ્ય ની નવી ધિરાણ ખાતે નો વ્યાજ દર ૧૦.૫૦% લેખે અંદાજેલ છે.

૭. અન્ય આવક ની ગણતરી અગાઉનાં હિસાબનીય આંકડાઓ ના ટ્રેન્ડ (વલણ) પરથી અંદાજેલ છે. જેમાં ટુંકા ગાળાનાં ઓપન એકસેસ ચાર્જીસ તેમજ લાબાંગાળાના ઓપન એકસેસ યુઝર ના રીશીડ્યુલીંગ ચાર્જીસ નો સમાવેશ કરેલ છે.

**<u>રાજ્ય વીજભાર  રવાનગી કેન્દ્રનુ ફી તેમજ ચાજીઁસ વસુલાત અંગેનુ માળખુ.</u>**

૧. નોધણી અથવા ગ્રીડ જોડાણ ફી :- ગુજરાત વીજ નિયમન પંચ ના વિનીયમ ૫/૨૦૦૫ મુજબ નવા ગ્રીડ કનેકશન માટે ફી રુ ૧,૦૦,૦૦૦ દરખાસ્ત કરેલ છે.

૨. એસએલડીસી ફી :- વાર્ષિક એસએલડીસી ફી રાજયમાં આવેલ વીજ ઉત્પાદન મથકો અને વીજવિતરણ/ઉપભોગતા કરતી કંપનીઓ પાસેથી તેઓના પ્રસ્થાપિત તેમજ તેની ફાળવણી મુજબ સમપ્રમાણમાં અર્ધવાર્ષિક ધોરણે વસુલ કરવામાં આવે છે.

૩. એસએલડીસી ચાજીઁસ :- અંદાજીત વાર્ષિક સંચાલન ખર્ચ વીજ ઉત્પાદન વીજવિતરણ /ઉપભોગ કરતી કંપનીઓ પાસેથી વાર્ષિક ધોરણે વસુલ કરવામાં આવશે.

૪. રીશીડયુલીંગ ચાજીઁસ :- રીશીડયુલીંગ ચાજીઁસ દરેક વીજ ઉત્પાદન મથકો અને વીજવિતરણ/ઉપભોગતા કંપનીઓ, ઓપનએકસેસ યુઝર, ટ્રેડર/પાવર એક્સચેન્જ પાસેથી તેમની દરેક રીશીડયુલીંગ વિનંતી માટે કરવામાં આવશે.

ગુજરાત એનર્જી ટ્રાન્સ્મીશન કોર્પોરેશન લિમિટેડ વતી,

મુખ્ય ઇજનેર,
સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર, ગોત્રી, વડોદરા